ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૬૩ ટકા

# સિવિલમાં સ્વાઈન ફલુ ઓપીડીનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૮

સ્વાઈન ફલુના રોગચાળાની સંખ્યા દિવસે ને દિવસે વધી રહી છે. ત્યારે ગાંધીનગર શહેર અને જિલ્લામાં મૃત્યુંઆંક પણ વધ્યો છે. દર્દીઓની સંખ્યા વધતા હોસ્પિટલમાં ત્રણ વોર્ડ ઉભા કરાયા છે. સ્વાઈન ફલુના વધતા જતા કેસને પગલે આરોગ્ય તંત્રની સાથે અન્ય વિભાગો પણ ચિંતિત બન્યા છે. ત્યારે આજથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બી-૧માં સ્પેશીયલ સ્વાઈન ફલુ ઓપીડી શરુ કરવામાં આવશે. જેમાં દર્દીઓના સ્થળ પર જ કેસ નીકાળીને ડોક્ટર દ્વારા તપાસવામાં આવશે. ત્યારબાદ ત્યાં જ દવા અને લેબોરેટરી ટેસ્ટ સહિતની સુવિધા પુરી પાડવામાં આવશે અને સહેજ પણ શંદાસ્પદ દર્દી જણાશે તો વોર્ડમાં એડમીટ કરીને તાત્કાલીક સારવાર આપવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં અત્યારે હાલના સંજોગોમાં ત્રણ વોર્ડ ઉભા કરાયા છે.જેમાં સ્વાઈન ફ્લુના દર્દીઓ તેમજ સસ્પેકટેડ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. ત્યારે આ દર્દીઓની સારવારની જવાબદારી જેમના શિરે છે તેવા ડોકટર્સ, સ્ટાફ નર્સ, તેમજ વર્ગ - ૪ સહિતના કર્મચારી-અધિકારીઓની સંખ્યા કુલ -૪૦ ની થાય છે.આ અધિકારી-કર્મચારીઓ રાત દિવસ દર્દીઓની ફરજ પર છે. ત્યારે સ્વાઈન ફ્લુ વિરોધી રસી માત્ર ૨૦ જ આવી છે. જેથી સ્વાઈન ફ્લુ પોઝીટીવ દર્દીના સૌથી નજીક જતા હશે તેમને સૌ પ્રથમ આ રસી આપવામાં આવશે તેમ સિવિલના અંતરંગ સુત્રોમાંથી જાણવા મળ્યું છે.

સમગ્ર ગુજરાતમાં હાહાકાર મચાવનાર સ્વાઈનફલુ વકરી રહ્યો છે. રાજયની હોસ્પિટલમાં દર્દીને તાત્કાલીક સારવાર મળે તે માટે આરોગ્ય તંત્ર દ્વારા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સ્વાઈન ફલુને કાબુમાં કરવા માટે તંત્ર રાત દિવસ મથામણ કરી રહ્યું છે. ત્યારે સ્વાઈન ફલુના દર્દીઓ ઘટવાને બદલે વધતા જાય છે. તેવી સ્થિતિમાં રાજયના પાટનગરમાં પણ સ્વાઈન ફલુના દર્દીઓમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. હોસ્પિટલ તંત્ર દ્વારા ત્રણ તબ્બકાની સારવાર વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ત્રણ વોર્ડ ઉભા કરીને દર્દીઓને સારવાર અપાઈ રહી છે. ત્યારે હોસ્પિટલમાં આવતા શંકાસ્પદ દર્દીઓને ઝડપથી અને અલાયદી સારવાર મળી રહે તે માટે તંત્ર દ્વારા બી -૧ ખાતે સ્વાઈન ફલુની ઓપીડી શરુ કરવાનો નિર્ધાર કર્યો છે. આજથી ઓપીડી શરુ થતાં જ દર્દીઓના કેસ નીકાળીને ડોક્ટર તપાસ કરશે. ત્યારબાદ દવા અને લેબોરેટરી ટેસ્ટની માટેની સુવિધા પણ ગોઠવવામાં આવી છે.

# શહેરના માર્ગો પર રખડતા ઢોરનો ત્રાસ યથાવત

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના માર્ગો પર રખડતા ઢોરનો ત્રાસ યથાવત રહેવા પામ્યો છે. શહેરના માર્ગો પર ગમે ત્યારે માર્ગ વચાળે આવતા રખડતા ઢોર અકસ્માત નોંતરે છે. રખડતા ઢોરને પગલે નગરમાં બે પૈંડા પરની જીંદગી જોખમાઈ છે. રખડતા ઢોરમાંથી શહેરને મુકત કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરના દબાણ, ગંદકી અને રખડતા ઢોર એ મુખ્ય પ્રશ્ન છે. શહેરમાં ત્રણેય પ્રશ્નનો કાયમી ઉકેલ આવતો નથી અને આવશે પણ નહી તેવું નાગરીકોને લાગી રહ્યું છે. તંત્ર સમક્ષ પણ આ પ્રશ્ન સામે આવતા અધિકારીઓ માંથુ ખંજવાળતા નજરે પડે છે. ચોમાસાની સિઝનમાં માર્ગો પર અડીંગો જમાવીને બેસતા રખડતા પશુઓ સાઈડમાં પણ ખસતા નથી. તો બીજીતરફ ગમે ત્યારે



અચાનક વચ્ચે આવી જતા વાહન ચાલકો અથડાઈને નીચે પડે છે. જેને પગલે વાહનચાલકો ઈજાગ્રસ્ત બને છે. ત્યારે શહેરના મુખ્યમાર્ગો ઉપરાંત સેકટરના આંતરીક રસ્તા પર પણ ઢોરનો ત્રાસ રહેતા વસાહતીઓ પણ હેરાન થઈ ગયા છે. સેકટરોના કોમન પ્લોટમાં અડીંગો જમાવીને બેસતા ઢોર ગંદકી કરે છે. જયારે તંત્ર દ્વારા રખડતા ઢોરને પાંજરે પુરવા માટે ટીમ પણ સક્રીય છે. જયારે ચોમાસામાં ઠેરઠેર ગંદકી અને માખી મચ્છરોનો ત્રાસ હોય છે ત્યારે માર્ગ ચોખ્ખા ચણક હોવાથી ઢોર માર્ગ પર આવીને અડીંગો જમાવતા હોય છે. જયારે વાહનચાલકો હોર્ન મારતા હોવા છતા પશુઓ માર્ગ પરથી હટવાનુ નામ લેતા નથી.તો ક્યારેક પીક-અવર્સમાં માર્ગ પર ઢોર બેસી રહેતા ટ્રાફિકજામની સમસ્યા પણ સર્જાય છે. જયારે અચાનક આવી જતા પશુઓને પગલે અકસ્માત સર્જાતા નાગરીકોને શરીરે ઈજાઓ પણ પહોંચે છે. ત્યારે શહેરના માર્ગો પર રખડતા પશુઓના ત્રાસથી નાગરીકો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. શહેરમાંથી ઢોરનો ત્રાસ ઓછો થાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# સે-૬ પોસ્ટ ઓફિસમાં પ્રિન્ટર ખોટકાતા ગ્રાહકોને હાલાકી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર રાજયનું પાટનગર




હોવા ઉપરાંત હવે તો સ્માર્ટ સીટીમાં પણ તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. જો કે શહેરમાં પ્રજાલક્ષી સેવાઓમાં છાશવારે રાજયના અંતરિયાળ વિસ્તાર જેવી તકલીફો પણ જોવા મળે છે. શહેરમાં મોટે ભાગે સરકારી કર્મચારીઓ તથા નિવૃત્ત પેન્શનર્સ કર્મચારીઓ વસવાટ કરતા હોવાથી પોસ્ટ ઓફિસ એ અગત્યના સેવાકીય એકમનું સ્થાન ધરાવે છે. શહેરના સે-૬ની પોસ્ટ ઓફિસમાં છેલ્લા ઘણા દિવસથી પ્રિન્ટર ખરાબ હોવાને કારણે ગ્રાહકો હાલાકી ભોગવી રહ્યા છે.

શહેરની પોસ્ટ ઓફિસો અગત્યની પ્રજાલક્ષી સેવાકીય એકમ હોવા છતાં અનેક વાર પ્રિન્ટર્સ બગડી જવા કે સર્વર ડાઉન થઈ જવાની રાવ ઉઠતી રહે છે. સે-૬ની પોસ્ટ ઓફિસમાં પ્રિન્ટર ખરાબ હોવાને કારણે પેન્શન ધારક વરિષ્ઠ નાગરિકો સહિત તમામ ગ્રાહકોને પાસબુક ભરાવવાથી માંડીને વિવિધ સેવાઓમાં તકલીફ ભોગવવી પડી રહી છે. સત્વરે આ પોસ્ટ ઓફિસમાં પ્રિન્ટર રિપેર કરાવાય તેવી ગ્રાહક વર્ગમાં માંગ ઉભી થવા પામી છે.

# સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૮

'પુસ્તકો માનવીને સંઘર્ષ સામે ટકવાનું બળ આપે છે.' રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસ ૨૦૧૭ની ઉજવણી પ્રસંગે સેકટર-૧૫ની સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે કરાયેલ ઉજવણીમાં રાજય મધ્યસ્થ ગ્રંથાલયના ગ્રંથપાલ ડૉ. પંકજ ગોસ્વામીએ આ શબ્દો કહ્યા હતા. તમણે વધુમાં જણાવ્યું હતું કે 'આપણે ગમે તેટલા ઈલેકટ્રોનિકસ ગેજેટસ વસાવી લઈએ પરંતુ પુસ્તકોનું સ્થાન કોઈ લઈ નહીં શકે.' આ કાર્યક્રમમાં નિવૃત્ત મદદનીશ ગ્રંથપાલ નિયામક ડૉ. યશવંતભાઈ જોષી અને ગુજરાત કોલેજના ઈતિહાસ વિભાગના અધ્યાપક ડૉ. જનકભાઈ ગઢવી ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે કોલેજના લાયબ્રેરિયન જયશ્રીબેન પંડયાએ મહેમાનોનો પરિચય કરાવ્યો હતો




તેમજ ગ્રંથાલયના પિતા તરીકે ઓળખાતા ડૉ. રંગનાથનની સ્મૃતિમાં તેમની જન્મજયંતિને 'નેશનલ લાયબ્રેરિયન્સ ડે' તરીકે ઉજવવામાં આવે છે તેવી માહિતી વિદ્યાર્થીઓને આપી હતી. આ પ્રસંગે ઉપસ્થિત કોલેજના આચાર્ય ડૉ. કે.જી. છાયાએ વિદ્યાર્થીઓને પુસ્તક પસંદગી અંગે ઉપયોગી સૂચનો કર્યા હતા. ડૉ. યશવંતભાઈ જોષીએ કાગળની શોધથી માંડીને ગ્રંથ શબ્દના ઈતિહાસ સુધીની સફર વર્ણવી હતી. જયારે ડૉ. જનકભાઈ ગઢવીએ વિદ્યાર્થીઓને 'હિંદ છોડો' ચળવળના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે આઝાદીનું મહત્વ સમજાવ્યું હતું.

કોલેજના આચાર્ય દ્વારા રોકડ એવોર્ડ પુરસ્કૃત વિદ્યાર્થી પ્રતિનિધિ મેહુલ ગઢવીએ વાંચનના અનુભવો વર્ણવ્યા હતા. કાર્યક્રમના અંતે ડૉ. જી.આર. પટેલે આભારદર્શન વ્યકત કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જીજ્ઞાસાબેન વાઘેલા દ્વારા કરાયું હતું જયારે કાર્યક્રમને સફળ બનાવવા ડૉ.ડી.એ. ઓડેદા અને ડૉ. એસ. એસ. ગોરે સેવાઓ પુરી પાડી હતી. કાર્યક્રમમાં આશરે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ રહી હતી.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર શાખા તથા જુનિયર સિટિઝન કાઉન્સિલના સંયુકત ઉપક્રમે પાટણ જિલ્લાના પુરગ્રસ્ત ગામોમાં કપડા તથા નાસ્તાના પેકેટની કિટસનું વિતરણ કરવામાં આવ્યું હતું. જસવંતપુરા-ખાખોર-દાદરા-કાતરા-રામનગરના પુરપિડિત પરિવારોને મોટા પ્રમાણમાં પુનિત એમ્પોરિયમ, સે-૨૨ તરફથી અનુદાન આપવામાં આવ્યું હતું.



આ રાહતકાર્યમાં પ્રેરણાસ્રોત જયેન્દ્રભાઈ પરીખ, જીલુભા ધાંધલ, વિરમભાઈ પરમાર, નાનજીભાઈ પરમાર અને રેડક્રોસ સોસાયટીના સભ્યો રામસીંગ પરમાર-ઈટાદરા, સભ્ય સામલ પ્રગતિબેન, કૃપાબેન, દુર્ગેશભાઈ રૂપાલ તથા સન્ની વાઘેલા-માણસા તથા ગામ-ઈટાદરાના સેવાભાવી યુવામિત્રો અજયરાજ, દિગ્વિજયરાજ, યોગેન્દ્ર, સિધ્ધાર્થ વગેરેએ આ સેવાયજ્ઞમાં જોડાઈ માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરું પાડયું હતું.

## આઈ લવ માય ગાંધીનગર



**નીતા હિમાંશુ ભચેચ**

**ગાંધીનગર ગમે**
સ્વચ્છ, હરિયાળું ને સારા લોકોનું નગર હોવાથી ગાંધીનગર શહેર ગમે છે.

**નગરજનો**
શિક્ષિત, સંસ્કારી, કલાપ્રેમી અને એકબીજા સાથે ભળી જાય એવા નાગરિકો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
ગ્રો ફાઉન્ડેશન, કોસ્મિક પેનસિયા, જી ઈ ક્લબ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, શ્રી ગજાનન સેવા સમિતિ, આર્ષ-અક્ષરધામ, કડી સર્વ વિશ્વવિદ્યાલય જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓથી પ્રભાવિત છું.

**નગરને બહેતર બનાવવા**
સ્વચ્છતા અને રોજગારી બાબતે ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે.

**નગર માટે હું કરી શકું**
સેવાના ઉપક્રમો માટે મારી સહાય નગરને આપવા તૈયાર છું.

# હવેલી મંદિરમાં ચિત્ર હરિફાઈ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૮

હવેલી મંદિર સેકટર-૨૧ ગાંધીનગર ખાતે જન્માષ્ટમીના તહેવારને અનુલક્ષીને ચિત્ર હરિફાઈનું આયોજન સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન કરવામાં આવ્યું હતું. જેમાં ગૃપ અ અને ગૃપ બમાં મળી કુલ ૫૩ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ ચિત્ર હરિફાઈમાં બંને ગૃપમાં પ્રથમ ત્રણ સ્થાન મેળવનાર સ્પર્ધકોને ઈનામ તેમજ સ્પર્ધામાં ભાગ લેનર દરેક સ્પર્ધકોને આશ્વાસનરૂપે પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા હતા. ચિત્ર હરિફાઈ પૂર્ણ થતાં દરેક સ્પર્ધકને હળવો નાસ્તો પણ આપવામાં આવ્યો હતો.

હરિફાઈમાં ગૃપ-અમાં ઉર્જા પંડીત-પ્રથમ, પુષ્ટી મહેતા-દ્વિતિય અને નીશી ભાવસારે તૃતીય ક્રમ મેળવ્યો હતો. જયારે ગૃપ-બીમાં ડેઈની વઘાસીયા-પ્રથમ, નિત્યા સોની તેમજ સ્નેહ શાહે દ્વિતિય તથા આયુષ ગાંધીએ તૃતીય ક્રમ મેળવ્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં રસીકભાઈ ગાંધી, યોગેશભાઈ ગાંધી, જીતુભાઈ ગાંધી, હર્ષદભાઈ ગાંધી, ડી.એફ. શાહ અને કિરીટભાઈ સોનીએ વિશિષ્ટ જહેમત ઉઠાવી હતી.

# ગાંધીનગરમાં ૩૦મીએ ડાક અદાલત

ગાંધીનગર, તા.૧૮

ટપાલસેવાનો લગતા પ્રશ્નોના નિરાકરણ માટે સિનિ. સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ, ગાંધીનગર ડિવિઝન, ગાંધીનગર સે-૧૧ ખાતે તા. ૩૦ ઓગસ્ટના રોજ ૧૧.૩૦ કલાકે ડાક અદાલત અને ૩.૦૦ કલાકે પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવેલ છે.

આ અદાલતમાં ટપાલસેવાઓને લગતી ફરિયાદો સાંભળવામાં આવશે આ અંગેની આપની ફરિયાદો સિનિ. સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ ગાંધીનગર ડિવિઝન, ગાંધીનગર સે-૧૧ને મોડામાં મોડી તા. ૨૪ ઓગસ્ટ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. નિર્ધારિત સમય મર્યાદા બાદ મળેલ ફરિયાદોને ધ્યાનમાં લેવામાં આવશે નહિ. ફરિયાદ સ્પષ્ટ, મુદાસર તેમજ એક જ વિષય પર હોવી જોઈએ. નિતિ વિષયક ફરિયાદોનો ઉપરોકત ડાક અદાલતમાં ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

# ગાંધીનગરના મહિલા વકીલે જન્મદિનની વિશિષ્ટ ઉજવણી કરી

બર્થ ડે કેક કાપીને કે રેસ્ટોરન્ટમાં પાર્ટી આપીને થતી જન્મદિવસની પરંપરાગત ઉજવણીના બદલે ગાંધીનગરના એક મહિલા વકીલે ૬૦ જેટલા વડીલોને ડાકોરના પ્રવાસે લઈ જઈ પોતાના જન્મદિવસની



અનોખી ઉજવણી કરી હતી.

ગાંધીનગર ભાજપના તાલુકા મંત્રી અને વ્યવસાયે એડવોકેટ એવા છાયા ત્રિવેદીએ ૧૬મી ઓગસ્ટે પોતાના જન્મદિવસની અનોખી ઉજવણી કરી હતી. આ વખતે તેઓએ ૬૦ જેટલા વડીલોને ડાકોરના રણછોડરાયજીના દર્શન કરાવ્યા હતા. તેઓએ પ્રવાસની સાથે સાથે પ્રવાસી વડીલો માટે મોરૈયાની ખીચડી અને સુકીભાજી જેવા ફરાળની પણ સુંદર વ્યવસ્થા ગોઠવી હતી. ડાકોરમાં રણછોડરાયજીના દર્શન કરી તેઓએ વસ્ત્રો અને ધજા પણ મંદિરને અર્પણ કર્યા હતા. તેઓ છેલ્લા ૧૯ વર્ષથી રણછોડરાયજીના દર્શને નિયમિત રીતે જાય છે. જન્મદિનની વિશેષ રીતે ઉજવણી કરવા તેઓએ વયોવૃધ્ધ મહિલાઓને પોતાની સાથે ડાકોર અને આસપાસના વિસ્તારોના પ્રવાસે લઈ જવાનું નક્કી કર્યું હતું.

# સેન્ટ ઝેવિયર્સના '૭૭ની બેચના વિદ્યાર્થીઓનું સ્નેહ મિલન યોજાયું

ગાંધીનગર, તા.૧૮

તાજેતરમાં ૧૯૭૭ની બેચના પૂર્વ વિદ્યાર્થીઓએ ગાંધીનગર, જીમખાના, સેકટર-૧૯માં સ્નેહમિલન સમારંભનું આયોજન કર્યુ હતું. પચાસ કરતા વધુ સંખ્યામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહી મધુર સ્મૃતિઓ વાગોળી હતી.

આ પ્રસંગે લોકપ્રિય શિક્ષક શૈલેષ પંડયાને ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું.

ડૉ. દર્શન પંડયા, ડૉ. ગૂંજન જૈન, રાજેશ રાવલ, ચેતન શાહ, ભાવેશ મહેતા, કિરણ





પંડયા, નમ્રતા રાણા, ડૉ. કેયૂર બૂચ, મૌલિના પાઠક, કિશોર ગોપલાની, મનોજ વગેરે ઘણા મિત્રોએ હાજર રહી પોતાના વિદ્યાર્થી જીવનની મીઠી યાદોને તાજી કરી હતી. પરદેશથી પણ દેવેન પટેલ અને બીજા મિત્રોના ફોન ઉપર સંદેશ સાથે શુભેચ્છાઓ આવી હતી. ઘણા બધા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ મહેનત કરી સ્નેહ મિલન સમારંભને યાદગાર બનાવ્યો હતો. નગરના મ્યુઝીશીયન અને જાણીતા ઝેવિયરાઈટ વિદ્યાર્થી જહોનના મ્યુઝીક સાથે તાલબદ્ધ ડાન્સ કરી સૌએ આનંદ માણ્યો હતો. મૌલિનના મધૂર કંઠે ગવાયેલા ગીતો સંભારણું બની રહ્યા હતા. કાર્યક્રમને અંતે સૌએ સહભોજન માણી યાદોને વાગોળી હતી.

## @ગાંધીનગર

● સે-૨૩ બ્રહ્મસમાજ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કેવલરામભાઈ જોષી, બી-૧૦૧, દેવગ્રીન્સ ફલેટ પેથાપુર ખાતે યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે રામકથા યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ રાત્રિના ૯ થી ૧૦ કલાક દરમિયાન ભરતભાઈ આર. ઉપાધ્યાય, પ્લોટ નં. સી-૫૫ ગ્રીનસીટી ખાતે યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ નટવરભાઈ ત્રિવેદી પ્લોટ નં. ૬૯૩/૨, સે-૩-સી ખાતે યોજાશે.

● સે-૨૨ જૈન દેરાસર ખાતે સવારે ૯ કલાકે અષ્ટાન્હિકા પ્રવચન યોજાશે.

● ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ ગાંધીનગર દ્વારા ચેક વિતરણ સમારોહ મેડીકલ કોલેજ ઓડીટોરીયમ હોલ, સે-૧૨ ખાતે સવારે ૧૦ કલાકે યોજાશે.

# અમિયાપુરમાં મકાનના ધાબે જુગાર રમતા છ શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૧૮

અડાલજ નજીક આવેલા અમિયાપુર ગામમાં એક મકાનનાં ધાબે કેટલાક શખ્સો ટોળુ વળીને જુગાર રમી રહ્યા હોવાની બાતમી અડાલજ પોલીસને મળતા પોલીસે ગઈ સાંજે દરોડો પાડી છ શખ્સોને દબોચી લીધા હતા. જુગારધારાનાં ગુના હેઠળ પોલીસે કડક કાર્યવાહી કરતા જુગારીઓમાં સન્નાટો ફેલાઈ જવા પામ્યો છે.

અમિયાપુર ગામમાં લક્ષ્મણ ઉર્ફે લખા રાજા ઠાકોરનાં મકાનમાં ધાબા ઉપર કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની માહિતીને આધારે અડાલજ પી.આઈ કે.કે.પંડ્યાની ટીમે ગઈ સાંજે દરોડો પાડી ધાબા પર જુગાર રમી રહેલા છ શખ્સોને જુગાર રમતા રંગે હાથ પકડી પાડ્યા હતા. પોલીસે દરોડો પાડીને અમિયાપુરનાં લક્ષ્મણ ઉર્ફે લખા રાજા ઠાકોર, રમેશ સુરસંગ ઠાકોર, વિજય ચમન ઠાકોર, મહેશ આતા ઠાકોર, મોહન મંગા ઠાકોર અને ઘાટલોડીયાનાં હરેશ શાંતી પટેલ મળી છ શખ્સોની ધરપકડ કરી લેવામાં આવી હતી. રૂ.૧૯,૧૦૦ રોકડ તથા સાત મોબાઈલ અને વેગન આર ગાડી મળી કુલ રૂ. ૧,૨૮,૯૬૫ નો મુદ્દામાલ જપ્ત કરીને અડાલજ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ તેજસ્વી તારલાઓને સન્માનશે

ગાંધીનગર, તા.૧૮

જિલ્લા રાજપૂત સમાજ દ્વારા તા. ૨૦મી ઓગસ્ટના રવિવારે બપોરે બે વાગે રાજપૂત સમાજ ભવન સે-૧૨ ખાતે શૈક્ષણિક ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરનાર તેજસ્વી તારલાઓને સમાજ દ્વારા પ્રમાણપત્રો તેમજ ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવશે.

આ પ્રસંગે સમાજના સભ્યોએ મોટી સંખ્યામાં હાજર રહેવા માટે પ્રમુખ વિક્રમસિંહ ગોલ તથા વિનોદભાઈ રાઠોડે જણાવેલ છે. કાર્યક્રમ બાદ પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. ભગવતીબેન ગોરધનદાસ વ્યાસ, ઉ.વ. ૭૬
- સ્વ. પ્રભાબેન ડોલરરાય જોશી, ઉ.વ. ૭૯
- સ્વ. સુધીરસિંહ વિજયસિંહ વસાવા, ઉ.વ. ૩૭